# જિલ્લામાં પાંચ બેઠક પર ૫૦ ઉમેદવારો મેદાનમાં રહ્યા

**કલોલમાં સૌથી વધુ : દહેગામમાં સૌથી ઓછા ; ૨૨ અપક્ષ ઉમેદવારો : કલોલમાં ૧૨, ગાંધીનગર(દ)માં ૧૧, ગાંધીનગર(ઉ) અને માણસામાં ૧૦-૧૦ તો દહેગામમાં ૭ ઉમેદવારો : ૮ પ્રાદેશિક પક્ષના ઉમેદવારો પણ જંગમાં**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો પર ૫૦ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. સૌથી વધુ ઉમેદવારો કલોલમાં તો સૌથી ઓછા ઉમેદવારો દહેગામ બેઠક પર રહેવા પામ્યા છે. પાંચે બેઠક પર ૨૨ અપક્ષ ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યુ છે.

જિલ્લામાં ૧૦મી નવેમ્બરથી ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો. આજે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે ૧૬ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પાછા ખેંચી લીધા છે. જિલ્લામાં ૯૩ ઉમેદવારોએ ૧૨૫ જેટલા ઉમેદવારીપત્રો ભરી પોતાની દાવેદારી નોંધાવી હતી જે નોંધનીય છે.

આજે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે જિલ્લાની પાંચેય બેઠક બે બી.યુ. વાપરવામાં નહિ આવે તેને લઈ તંત્રએ થોડીક રાહત અનુભવી છે. જો કે હવે તંત્ર દ્વારા ચૂંટણીને લઈ તેની તૈયારીઓ વેગીલી બનાવી દીધી છે. ૧૪ દિવસના ટૂંકાગાળામાં કર્મચારીઓને બે તબક્કામાં તાલિમ આપવાની તેમજ ઈ.વી.એમ. તૈયાર કરવાના, પોસ્ટલ બેલેટ રવાના કરવા સહિતની કામગીરી હાથ પર લેવામાં આવશે.

આજે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે જિલ્લામાં બે મુખ્ય સ્પર્ધક પક્ષો ભાજપ કોંગ્રેસમાં પણ બળવાખોરી ના થતાં રાજકીય રીતે પણ પક્ષોએ રાહત અનુભવી છે. જો કે જિલ્લાની પાંચેય બેઠક પર અપક્ષો અને પ્રાદેશિક પક્ષોના ઉમેદવારો કોનુ ગણિત બગાડશે અને કોણ ફાવશે તેના ગણિત રાજકીય પંડિતો દ્વારા શરૂ થઈ ગયા છે.

જિલ્લામાં આજે સ્પષ્ટ થયેલ ચિત્ર મુજબ કલોલમાં ૧૨ ઉમેદવારો મેદાનમાં છે. કલોલ બેઠક પર ભાજપ, કોંગ્રેસ,

● અનુસંધાન પાન-૭ પર

## મતદાન પૂર્વે ઉમેદવારોએ ૩ વખત હિસાબો રજુ કરવાના રહેશે

**૨૫ નવે., ૨૯ નવેમ્બર અને ૩ ડિસેમ્બરે ઉમેદવારોએ તેમના હિસાબ રજુ કરવા પડશે**

ગાંધીનગર, તા. ૨૧

૫ મી ડિસેમ્બરના રોજ યોજાનાર વિધાનસભાની ચૂંટણીના મતદાન પૂર્વે ઉમેદવારોએ ૩ વખત હિસાબ રજુ કરવાના રહેશે.

ઉમેદવારોએ તેમના ખર્ચના હિસાબો તા. ૨૫મી નવેમ્બર, ૨૯મી નવેમ્બર અને ૩ ડિસેમ્બરના રોજ મંજૂરી માટે રજુ કરવાના રહેશે.

જિલ્લાની પાંચ બેઠક માટે ૫૦ ઉમેદવારો મેદાનમાં છે. આજે પાંચ બેઠક માટે નિમાયેલા બે ખર્ચ નિરીક્ષકોની હાજરીમાં ઉમેદવારો અને તેમના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ હતી જેમાં આ તારીખો આપવામાં આવી છે. વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોને ખર્ચની મર્યાદા રૂ. ૪૦ લાખ નિયત કરવામાં આવી છે.

મતદાન પૂર્વે ૩ વખત હિસાબોની ચકાસણી નિરીક્ષકો અને નોડલ ઓફિસરની ટીમ દ્વારા કરવામાં આવશે જ્યારે પરિણામ ઘોષિત થયા પછી ઉમેદવારોએ તેમના આખરી હિસાબો રજુ કરવાના રહેશે.

જિલ્લામાં આ માટે દરેક બેઠક માટેની ટીમો નિયત કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ઉમેદવારો દ્વારા થઈ રહેલા ખર્ચાઓ પર પણ ટીમો દ્વારા નજર રાખવામાં આવી રહી છે. આ ખર્ચની ચકાસણી માટે તંત્ર દ્વારા ખાસ શેડો રજીસ્ટર પણ તૈયાર કરી દેવામાં આવ્યું છે.

જિલ્લામાં ચૂંટણી ખર્ચને લઈ બે વિધાનસભા મત વિસ્તારને સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે.

ખર્ચ નીરીક્ષકોએ જિલ્લાની પાંચેય બેઠકો પર ખર્ચ નિયંત્રણ અંગે નોડલ ઓફિસર અને તેમની ટીમો સાથે બે થી ત્રણ બેઠકો પણ યોજી કઈ-કઈ બાબતો પર ધ્યાન આપવુ અને ચકાસણીમાં કઈ-કઈ બાબતોની તપાસ કરવી તે વિશે માર્ગદર્શન આપી દીધુ છે.

બીજી તરફ આજે જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે.એ ગાંધીનગર(ઉ) વિધાનસભામાં ખર્ચ નિરીક્ષકની સાથે મતદાન મથકો તેમજ તંત્ર દ્વારા શોધી કઢાયેલ સંવેદનશીલ (ખર્ચ) પોકેટ્સની મુલાકાત લીધી હતી. મળતી વિગતો પ્રમાણે ચરેડી અને ગોકુલપુરામાં એસ.એસ.ટી.ની ટીમો કાર્યરત કરવા માટેની આજે સૂચના આપવામાં આવી હતી. નિરીક્ષકોએ એસ.એસ.ટી. અને ફ્લાઈંગ સ્કવોડના સઘનીકરણ પર ભાર મુક્યો છે. જિલ્લામાં ચૂંટણીનું ચિત્ર આજે સ્પષ્ટ થતાં જ ચૂંટણીની વિવિધ ટીમો પણ કાર્યરત કરી દેવામાં આવી છે.

## છેલ્લા દિવસે ૧૬ ઉમેદવારીપત્ર પાછા ખેંચાયા

**માણસામાં ૮, દહેગામમાં ૩, ગાંધીનગર(ઉ) અને (દ)માં ૨-૨ તથા કલોલમાં ૧, કામિનીબા રાઠોડ અને બાબુસિંહ ઝાલાએ દહેગામમાં ફોર્મ પરત ખેંચ્યા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠક પર આજે ૧૬ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પાછા લેતાં પાંચ બેઠક પર ૫૦ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

આજે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે ૧૬ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પાછા ખેંચી લીધા છે. સૌથી વધુ ૮ ઉમેદવારોએ માણસા બેઠક પર ઉમેદવારી પરત લીધી છે.

દહેગામમાં કોંગ્રેસમાં બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવનાર પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ અને પૂર્વ તાલુકા પ્રમુખ બાબુસિંહ ઝાલા તેમજ આપના ડમી ઉમેદવાર ભૂપેન્દ્રભાઈ પટેલે આજે ઉમેદવારી પરત ખેંચી છે.

કામિનીબા રાઠોડે અને બાબુસિંહ ઝાલાએ ઉમેદવારી પરત લીધી છે. જો કે કામિનીબા રાઠોડ ભાજપનો કેસરીયો ધારણ કરશે તેવી ચર્ચાઓ લોકજીભે સાંભળવા મળી રહી છે. ૨૪મીએ વડાપ્રધાન મોદી અહિ વિશાળ જનસભા કરવાના છે ત્યારે તેઓ તેમની હાજરીમાં કેસરીયો ધારણ કરશે તેવી ચર્ચાઓ ચાલી રહી છે. જો કે આજે તેમણે ફોર્મ પરત લેતાં કોંગ્રેસના આગેવાનોએ રાહતનો દમ લીધો છે.

ગાંધીનગર (દ) બેઠક પર બે અપક્ષ ઉમેદવારો તેમજ ગાંધીનગર (ઉ) બેઠક પર પણ ૨ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી લીધી છે કલોલમાં આજે વધુ એક ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચી લીધી છે.

જિલ્લામાં હવે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. ૧૩ દિવસનો સમય ચૂંટણી પ્રચાર માટે બચ્યો હોવાથી હવે ઉમેદવારો દ્વારા ઝંઝાવાતી પ્રચાર અભિયાનના શ્રીગણેશ થશે.

જો કે હજુ ઉમેદવારોએ પ્રચાર અભિયાનને લઈ તેમની રણનીતિ જાહેર થવા દીધી નથી પરંતુ જાહેર પ્રચાર એ જ મુખ્ય રહેશે. શક્ય તેટલા વધુ લોકોનો લોકસંપર્ક શરૂ કરી દેવાયો છે. આ વખતે પ્રચાર અભિયાન વિકાસ અને કોંગ્રેસનું કામ બોલે છે તે થીમ પર જ ચાલશે તેમ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત કોંગ્રેસે વોકલ ફોર લોકલ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

# મતદારોનુ રહસ્યમય મૌન ઉમેદવારોને અકળાવે છે

**ચૂંટણી પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે પરંતુ મતદારો રહસ્યમય મૌન ધારણ કરીને બેઠા છે : મતદારો ઉત્સાહિત છે પરંતુ કયા પક્ષને વોટ આપશે તે ખુલીને કહેતા નથી**



ગાંધીનગર, તા. ૨૧

વિધાનસભાની ચૂંટણીના બ્યુગલ તો ક્યારનાય વાગી ચૂક્યા છે અને ઉમેદવારો જોરશોરથી પ્રચાર કાર્યમાં લાગી ચૂક્યા છે પરંતુ મતદારો હજુ પોતાનુ મન કળવા દેતા નથી. મતદારોનુ મૌન ઉમેદવારોને અકળાવી રહ્યુ છે. પ્રચારકાર્ય દરમ્યાન મતદારો બધા જ ઉમેદવારોનુ ઉલ્લાસભેર સ્વાગત કરે છે પરંતુ હજુ ખુલીને તેઓ બોલતા નથી.

ચૂંટણી વિધાનસભાની હોય કે લોકસભાની મતદારો જ ચૂંટણીના ખેલના ખરા રાજા છે. ઉમેદવારો ગમે તેટલો પ્રયાસ કરે પરંતુ આખરે તો મતદારો તેમનુ ધાર્યુ કરે છે. વિધાનસભાની ચૂંટણીનું પ્રચારકાર્ય હાલમાં જોરશોરથી ચાલી રહ્યુ છે પરંતુ મતદારોનો ઝુકાવ કયા પક્ષ તરફ વધુ છે તે જોવા મળતુ નથી. મતદારો પોતાનુ મન કળવા દેતા નથી. ત્રણેય પક્ષના ઉમેદવારો પ્રચારકાર્યમાં પોતપોતાની સ્ટ્રેટેજી પ્રમાણે પ્રચારકાર્ય કરી રહ્યા છે પરંતુ હજુ સુધી મતદારોના મન સુધી પહોંચી શક્યા હોય તેવુ લાગતુ નથી.

ભારતીય જનતા પાર્ટીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જ આ વખતે ચૂંટણીનો ચહેરો બનાવ્યો છે. નરેન્દ્રભાઈ મોદી દિલ્હી ગયા પછી ભાજપે સાત વર્ષમાં ત્રણ-ત્રણ મુખ્યમંત્રીઓ બદલીને ગુજરાતના મતદારોને પોતાની સાથે રાખવાના પ્રયાસ કર્યા છે. પ્રધાનમંત્રી મોદીના માથે જ ચૂંટણીનો બધો ભાર છે. વિકાસના મુદ્દાઓને આગળ કરી તેઓ ઠેર ઠેર રેલીઓ અને રોડ શૉ કરી રહ્યા છે પરંતુ હજુ સુધી ચૂંટણીનો માહોલ જામતો નથી. શહેરી વિસ્તારોના મતદારો જાણે વધુ શાણા બની ગયા છે તેમ કોઈ પ્રકારનો ઉત્સાહ તેઓમાં જોવા મળતો નથી. સાથે જ ગ્રામ્ય વિસ્તારોના મતદારો બધા જ પક્ષના ઉમેદવારોને એક સરખો ઉત્સાહ દર્શાવી આવકારી રહ્યા છે. આમ આદમી પાર્ટી આ વખતે ગુજરાતમાં નવી છે અને ત્રિ-પાંખીયો જંગ ઉભી કરી રહી છે. આમ આદમી પાર્ટીના સુપ્રિમો અરવિંદ કેજરીવાલના રોડ શૉ માં સામાન્ય જનમેદની મોટી સંખ્યામાં ઉમટે છે પરંતુ તેઓ કેજરીવાલની સાથે છે કે માત્ર કૂતુહલતાવશ રોડ શૉ માં આવે છે તે જાણી શકાતુ નથી.

કોંગ્રેસે તો પ્રચારકાર્યની પદ્ધતિ સાવ જ બદલી છે તેઓ જનમેદનીને એકઠી કરવાના બદલે મતદારોનો સીધો સંપર્ક કરી રહ્યા છે. કોંગ્રેસ સાથે કેટલા મતદારો છે તે પણ જાણવા મુશ્કેલ બન્યુ છે.

# શહેરમાં ઠંડીથી નજીવી રાહત, ધીમે ધીમે શિયાળાની જમાવટ

**દિવસનુ તાપમાન પણ દોઢ ડીગ્રી ઘટયુ : ઠંડીનુ જોર વધતા જનજીવન પ્રભાવિત : શહેરમાં ધીમે ધીમે ઠંડીની મોસમની જમાવટ**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી બેવડી ઋતુની અસરથી જનજીવન પ્રભાવિત રહેતા નગરજનો વિચિત્ર મોસમના અહેસાસ વચ્ચે અકળામણ અનુભવતા હતા દિવસે ગરમી અને રાત્રિના ગુલાબી ઠંડીની અસરથી જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી હતી જયારે છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીનુ જોર વધી રહ્યુ છે. જયારે દિવસનુ તાપમાન પણ નીચે જઈ રહ્યુ છે. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીમાં નજીવો ઘટાડો અનુભવાયો હતો જો કે મહત્તમ તાપમાનમાં દોઢ ડીગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રી રહ્યુ હતુ. ધીમે ધીમે દિવસે ગરમીનુ જોર ઘટી રહ્યુ છે જયારે ઠંડીનુ પ્રમાણ વધતા શહેરમાં શિયાળાની મોસમ જમાવટ તરફ છે.

શહેરમાં ઠંડીની મોસમ ગરમ થતી જાય છે. એકબાજુ ચુંટણીના માહોલ વચ્ચે રાજકીય ગરમાવો વધી રહ્યો છે. ત્યારે રાત્રિના સમયે ઠંડીનુ જોર વધતા નગરનુ જનજીવન પણ ઠંડીથી પ્રભાવિત છે. ગઈકાલે શહેરમાં પ્રારંભિક શિયાળે સિઝનની વધુ ઠંડી નગરજનોએ અનુભવી હતી. ઠંડીનો પારો ૧૨.૯ ડીગ્રીએ આવી ગયો હતો. જયારે આજે પણ ઠંડીનુ જોર નજીવુ ઘટયુ હતુ. લઘુત્તમ તાપમાન ૧૩.૭ ડીગ્રી રહ્યુ હતુ. જયારે બીજીતરફ મહત્તમ તાપમાનમાં દોઢ ડીગ્રીનો ઘટાડો થયો હતો શહેરમાં ધીમે ધીમે દિવસનુ તાપમાન પણ નીચુ જઈ રહ્યુ છે. અત્યાર સુધી દિવસે ગરમીનો પારો ૩૩ થી ૩૪ ડીગ્રીની આસપાસ રહેતા નગરજનો દિવસે ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ કરતા હતા જયારે હવે ઠંડીનુ જોર વધવાની સાથે દિવસનુ તાપમાન પણ નીચુ જઈ રહ્યુ છે. ગઈકેલા મહત્તમ તાપમાન ૩૧.૫ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે ગરમીનો પારો નીચે ઉતરી ૩૦ ડીગ્રી પહોંચી ગયો હતો. અત્યાર સુધી દિવસે ગરમી અને રાત્રિના ઠંડીની બેવડી ઋતુની અસરથી નગરજનો પરેશાન હતા જેના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર પણ વર્તાઈ રહી છે. જો કે હવે દિવસે પણ ગરમીનુ જોર ધીમે ધીમે ઘટી રહ્યુ છે જયારે ઠંડીનો મિજાજ પણ આક્રમક થઈ રહ્યો છે.શહેરમાં ચુંટણીના લીધે રાજકીય ગરમાવાનો માહોલ જોવા મળે છે.

જયારે ઠંડી પણ વધી રહી છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે આગામી દિવસોમાં લગ્નસરાની મોસમ પણ નિખરશે. ઠંડી વધશે તેવા અણસાર વચ્ચે લગ્ન મહોત્સવના આયોજકો પણ ચિંતામાં

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં વધતા દબાણો દુર કરવા આગામી દિવસોમાં માસ્ટર પ્લાન તૈયાર કરાશે

**સેકટરોમાં તેમજ વન આરક્ષિત વિસ્તારમાં વધતા લારી ગલ્લા અને ઝુંપડાના દબાણોના મામલે સ્થાનિકોમાં ફરિયાદો વધી રહી છે : સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ પેવર બ્લોક અને હરિયાળી નિખારવાના નામે ફેન્સીંગ કરી દબાણો ઉભા કરવામાં આવતા રહેણાંક આસપાસ પાર્કીંગની સમસ્યા પણ જટીલ બની છે**

ગાંધીનગર તા ૨૧

સ્માર્ટ બનતા ગાંધીનગરમાં દબાણની સમસ્યા વિકરાળ બનતી જાય છે. છેલ્લા ઘણાં સમયથી સેકટરોમાં રહેણાંક વિસ્તારમાં પણ દબાણો વધી રહ્યા છે. રહેણાંક વિસ્તારમાં પણ લારી ગલ્લાના દબાણો વધ્યા છે. જયારે કોર્મશિયલ કોમ્પ્લેક્ષ આસપાસ પણ દબાણોની હારમાળા જોવા મળે છે. વન આરક્ષિત વિસ્તારમાં પણ વધતા દબાણો હરિયાળી માટે ખતરારૂપ બન્યા છે. સેકટરોમાં વધતા દબાણો મામલે સ્થાનિકોની ફરિયાદો પણ વધી છે. જેને અનુલક્ષી આગામી સમયમાં તંત્ર દ્વારા દબાણો દુર કરવા માટે પ્લાન પણ તૈયાર કરવામાં આવશે. સેકટરોમાં પણ કોમન પ્લોટમાં પેવર બ્લોક અને ફેન્સીંગના નામે સરકારી જગ્યા પર તોતિંગ દબાણો કરી જગ્યા બ્લોક કરી દેવાતી હોવાની પણ અનેક ફરિયાદો ઉઠવા પામી છે. જેની સામે પણ પગલા લેવા માટે રજુઆતો થઈ રહી છે.

ગાંધીનગરના સેકટરોમાં દબાણો વધી રહ્યા છે. છેલ્લા ઘણાં સમયથી ઠેર ઠેર દબાણોની ભરમાર જોવા મળી રહી છે. સેકટરોના રહેણાંક વિસ્તાર અને કોર્મશિયલ ઝોન પણ દબાણોની ગિરફતમાં છે. શહેરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ નાટકીયઢબે દબાણો દુર કરવાની કામગીરી સમયાંતરે હાથ ધરવામાં આવે છે. જો કે આ નાટકીય ઝુંબેશના અંતે થોડા દિવસોમાં જ દબાણો યથાવત સ્થિતિમાં ગોઠવાઈ જાય છે. તંત્ર દ્વારા નવરાત પુર્વે સે-૬ માં અપનાબજાર પાસે દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# સેક્ટરોમાં ટપકતા નળ ના લીધે વર્ષે ૪૬ હજાર લીટર પાણીનો બગાડ

**પાણીના ગેરકાયદેસર જોડાણ દૂર કરવા પગલા લેવાશે : પાણીનો બગાડ અટકાવવા માટે પણ નાગરિકોને જાગૃત થવા અપીલ**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર સહીત આસપાસના વિસ્તારમાં પાણીના ગેરકાયદેસર જોડાણ દૂર કરવા સહીત પાણીનો બગાડ અટકાવવા માટે પગલા લેવાશે રહેણાંક હેતુ માટે પાણીનું જોડાણ મેળવ્યા પછી તેનો ઉપયોગ વાણિજ્ય હેતુમાં કરાતો હોય તેવા કિસ્સામાં પણ દંડનીય કાર્યવાહી કરાશે . જળ સંચય અભિયાન અન્વયે તંત્ર કક્ષાથી કાયદેસરની કાર્યવાહી અનુસરીને પગલા લેવાશે

પાણી વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર શહેરના સેક્ટરો તેમજ વાણિજ્ય વિસ્તારોમાં પણ આકસ્મિક તપાસ કરવા માટે વિભાગના કર્મચારીઓની ટુકડી બનાવીને તપાસ કરાવીને ગેરકાયદે મેળવાયેલા નળના જોડાણ શોધી કાઢવામાં આવશે. વધુમાં જણાવ્યું કે કોઈ સ્થળે પાણીનો વેડફાટ થતો જોવા મળે તો નજીકના સુવિધા કેન્દ્ર પર તેની જાણકારી પુરી પાડીને કસૂરવાર સામે પગલા લેવાશે . જયારે પાણીના બચાવ માટે નળના જોડાણમાં ક્યાંય લિકેજ હોય તો તાકીદે સમારકામ કરાવી લેવાની અને નીચા લેવલ પર ખુલ્લી પાણીની લાઈન હોય તો તેને બંધ કરવાની વ્યવસ્થા કરવા અથવા જાણકારી આપવા અપિલ કરાઈ છે. પીવાના પાણીના ઘરેલુ જોડાણની સત્તાવાર સંખ્યા ૪૪ હજાર જેટલી છે. પરંતુ ગેરકાયદે બીજા જોડાણની સંખ્યા પણ ઘણી છે અને શહેરી ગામો સહિત

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com